# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Wednesday** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારમાં નાલંદા યુનિવર્સિટીના અત્યાધુનિક સુવિધા સાથેના નવા પરિસરનું ઉદઘાટન કરશે.
- ✓ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વાયનાડમાંથી સાંસદ તરીકેનું રાજીનામુ આપ્યુ.. પ્રિયંકા ગાંધી વાયનાડથી ઉમેદવારી કરશે તેવી કોંગ્રેસની જાહેરાત.
- ✓ ભારત અને અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો વચ્ચે બેઠક. સલામતીની સાથોસાથ ટેકનોલોજીના ક્ષેત્રે પણ પારસ્પિરક સહયોગ સુદ્રઢ બનાવવા પર ભાર મુકાયો.
- ✓ દસ વર્ષથી અમેરિકન નાગરિક સાથે લગ્ન કરીને અમેરિકામાં રહેતા વિદેશીઓને નાગરિકતા આપવા બાઇડનનું નવુ બીલ - પાંચ લાખ નાગરિકોને ફાયદો થશે.
- ✓ નિરજ ચોપડાએ ભાલા ફેંકમાં ફરી ભારતનો ડંકો વગાડ્યો. ફિનલેંડમાં વર્લ્ડ એથલેટિક્સ કોન્ટિનેન્ટલ ગોલ્ડ ટૂરમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BIHAR-૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિહારની મુલાકાત લેશે. તેઓ નાલંદા જિલ્લાના રાજગીરમાં નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી રાજગીરમાં આવેલી વિશ્વ ધરોહર નાલંદા યુનિવર્સિટીના પ્રાચીન અવશેષોની પણ મુલાકાત લેશે જે નવી બનેલી યુનિવર્સિટી સાથે સીધો સંબંધ ધરાવે છે.

આજે સવારે દસ વાગે યોજાનારા આ ઉદઘાટન સમારંભમાં બિહારના રાજ્યપાલ, મુખ્યમંત્રી નિતીશકુમાર અને વિદેશ મંત્રી એસ.જયશંકર પણ ઉપસ્થિત રહેશે..

નાલંદા યુનિવર્સિટીની કલ્પના ભારત અને પૂર્વ એશિયા સમિટ (EAS) દેશો વચ્ચેના સંયુક્ત સહયોગ તરીકે કરવામાં આવી છે. ઉદ્ઘાટન સમારોહમાં 17 દેશોના મિશનના વડા સહિત અનેક પ્રતિષ્ઠિત લોકો હાજરી આપશે.

અત્યાધુનિક સુવિધાથી સજ્જ યુનિવર્સિટી કેમ્પસ 450 એકરમાં ફેલાયેલું છે. પર્યાવરણ સંરક્ષણની થીમ પર આધારિત કેમ્પસને ‘નેટ ઝીરો’ ગ્રીન કેમ્પસ તરીકે બનાવવામાં આવ્યું છે. ઉર્જા અને અન્ય જરૂરિયાતો માટે, યુનિવર્સિટી સોલાર પ્લાન્ટ, ઘરેલું અને પીવાના પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટ, ગંદા પાણીના પુનઃઉપયોગ માટે વોટર રિસાયક્લિંગ પ્લાન્ટ પણ આ નવા કેમ્પસમાં ઉપલબ્ધ છે.

કેમ્પસ 100 એકર વિસ્તારમાં ફેલાયેલા અનેક જળાશયો અને અન્ય ઘણી પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ ધરાવે છે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની પ્રથમ બેચ 2014 માં નોંધાઈ હતી અને રાજગીરમાં કામચલાઉ કેમ્પસમાં વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા. હાલમાં યુનિવર્સિટી પાસે છ શાળાઓ છે જેમાં સ્કૂલ ઓફ હિસ્ટોરિકલ સ્ટડીઝ, સ્કૂલ ઓફ ઈકોલોજી એન્ડ એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝ, સ્કૂલ ઓફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ, ફિલોસોફી અને તુલનાત્મક ધર્મનો સમાવેશ થાય છે. વૈશ્વિક શાંતિના પ્રોત્સાહન અને ભગવાન બુદ્ધ ફિલસૂફી પર સંશોધન માટે યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય સંબંધો અને શાંતિ અભ્યાસની શાળાની સ્થાપના કરી છે.

સમકાલીન અભ્યાસ માટે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજિસ એન્ડ લિટરેચર અને સ્કૂલ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ હેઠળ વિવિધ અભ્યાસક્રમો પ્રદાન કરે છે.

તે 500 વિદ્યાર્થીઓની હોસ્ટેલની ક્ષમતા સાથે પ્રાચીન નિવાસી નાલંદા યુનિવર્સિટીની થીમ પર બનાવવામાં આવ્યું છે. યુનિવર્સિટી કેમ્પસમાં 40 વર્ગખંડો સાથે બે એકેડેમિક બ્લોક્સ છે જેની કુલ બેઠક ક્ષમતા લગભગ ૧૯૦૦ છે.

# RAHUL-WAYANAD RESIGNATION

કોંગ્રેસના નેતા અને લોકસભાના ચૂંટાયેલા સભ્ય રાહુલ ગાંધીએ કેરળના વાયનાડ સંસદીય મતવિસ્તારમાંથી લોકસભાની તેમની બેઠક પરથી રાજીનામું આપી દીધું છે. શ્રી ગાંધીનું રાજીનામું ગઇકાલે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ સ્વીકારી લીધું છે.

ગઈકાલે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી રાયબરેલી બેઠક જાળવી રાખશે અને વાયનાડ લોકસભા બેઠક ખાલી કરશે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી. ખડગેએ કહ્યું કે, પ્રિયંકા ગાંધી વાડ્રા કેરળની વાયનાડ લોકસભાથી લડશે. શ્રી ખડગેએ કહ્યું કે, પાર્ટીએ નિર્ણય લીધો છે કે રાહુલ ગાંધીએ રાયબરેલીની બેઠક જાળવી રાખવી જોઈએ કારણ કે તે પરિવારની નજીક છે.

# POST-OFFICE-ACT-IN-EFFECT

પોસ્ટ ઓફિસ અધિનિયમ, 2023 ગઈકાલથી સત્તાવાર રીતે અમલમાં આવ્યો છે. આ અધિનિયમે ભારતીય પોસ્ટ ઓફિસ અધિનિયમ, 1898નું સ્થાન લીધું છે. આ કાયદાની જોગવાઈઓ મુજબ સરકાર રાજ્યની સુરક્ષા અને જાહેર વ્યવસ્થા સહિતના કારણોસર ભારતીય પોસ્ટ દ્વારા પ્રસારિત કરાયેલી વસ્તુઓ કે ટપાલને આંતરી શકે છે.

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અથવા તેમના દ્વારા વિશેષ અધિકૃત કોઈપણ અધિકારી દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

અધિનિયમ અથવા અન્ય કાયદા હેઠળ પ્રતિબંધિત વસ્તુઓ વહન કરતી શિપમેન્ટને ખોલવા, અટકાયત કરવા અથવા નાશ કરવાની સત્તા પણ અધિકારી પાસે છે. ઉલ્લેખનીય છે કે આ વિધેયકને 24મી ડિસેમ્બર 2023ના રોજ ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી.

# DOVAL-SULLIVAN

**રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને તેમના અમેરિકી સમકક્ષ જેક સુલિવને મંગળવારે નવી દિલ્હીમાં યુએસ ઇનિશિયેટિવ ઓન ક્રિટીકલ એન્ડ ઇમર્જિંગ ટેક્નોલોજી પર ઉદ્યોગ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ માં હાજરી આપી હતી. ભારત અને અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ ભારત અને અમેરિકાના ટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂક્યો હતો.**

**બે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ સેમિકન્ડક્ટર ટેક્નોલોજી અને ઉત્પાદન, ટકાઉ કૃષિ અને ખાદ્ય સુરક્ષા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સરકારો, ઉદ્યોગો અને શિક્ષણવિદોમાં સહયોગનોસંકલ્પ કર્યો. તેઓ સ્વચ્છ ઉર્જા, રોગચાળાની સજ્જતા અને અન્ય નિર્ણાયક અને ઉભરતી તકનીકોના ક્ષેત્રમાં સહકાર વધારવા માટે પણ સંમત થયા હતા. આ ઉપરાંત સેમિકન્ડક્ટર અને અવકાસ સંસોધન ક્ષેત્રે પણ પારસ્પરિક સહયોગને વધુ સુદ્રઢ બનાવવા પર ભાર મૂકયો હતો.**

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# BIDEN BILL

અમેરિકાના રાષ્ટ્રપતિ પ્રમુખ જો બિડેને અમેરિકામાં હજારો ઇમિગ્રન્ટ્સને નાગરિકતાનો માર્ગ મોકળો કરવા એક બીલની જાહેરાત કરી છે.. આ બીલ અનુસાર

અમેરિકન નાગરિકો સાથે જેમણે લગ્ન કર્યા છે પરંતુ દેશમાં તેમને કાનૂની દરજ્જો મળ્યો નથી તેમને નાગરિકતા આપવાની આ એક પહેલ છે.. આ નવું બીલ લગભગ 500,000 ઇમિગ્રન્ટ્સને દેશનિકાલથી બચાવશે . આ પગલું પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અગાઉની યોજના કરતાં તદ્દન વિપરતી છે.. આ નવા બીલમાં અમેરિકન ન હોય પરંતુ અમેરિકન નાગરિક સાથે લગ્ન કરીને દસ વર્ષથી અમેરિકામાં વસતા હોય તેવા લોકોને નાગરિકતા મળશે, આવા નાગરિક, અને તેમના બાળકો, દેશ છોડ્યા વિના કાયમી નિવાસ માટે અરજી કરી શકશે..

વ્હાઇટ હાઉસ ખાતે એક સમારોહ દરમિયાન શ્રી. બિડેને જણાવ્યું હતું કે આ બિલ ઉનાળામાં અમલમાં આવશે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે તાજેતરમાં દેશમાં આવેલા લોકોને લાભ કરશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે તે એવા લોકોને મદદ કરશે જેઓ કર ચૂકવી રહ્યા છે અને આપણા દેશ અને તેમના પરિવારના સભ્યો માટે યોગદાન આપી રહ્યા છે.

# PM NAVY ADMIRAL

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. ગઈકાલે તેમની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીને ભારતીય નૌકાદળ દ્વારા આગળ વધી રહેલી વિવિધ ઓપરેશનલ, વહીવટી અને માળખાકીય પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. ક્ષમતા નિર્માણમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે, તેમને દરેક સમયે લડાઇ માટે તૈયાર રહેવા અને રાષ્ટ્રીય દરિયાઇ હિતોની સુરક્ષા માટે નેવીની પ્રતિબદ્ધતાની ખાતરી આપવામાં આવી હતી.

શ્રી ત્રિપાઠીએ પ્રધાનમંત્રીને રાષ્ટ્રનિર્માણ તરફની વિવિધ પહેલો, તેમજ કર્મચારીઓ માટે તાલીમ અને કલ્યાણના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવા અને વિવિધ વિભાગોમાં એકીકરણ વધારીને ટ્રાઇસર્વિસ સિનર્જી પર ભાર મૂકવાની માહિતી પણ તેમણે આપી હતી.

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો  એપિસોડ હશે . શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુનઃ ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

# JAVELIN-NEERAJ- GOLD

ઓલિમ્પિક અને વિશ્વ ચેમ્પિયન નીરજ ચોપરાએ ફિનલેન્ડના તુર્કુમાં પાવો નુર્મી સ્ટેડિયમ ખાતે વર્લ્ડ એથ્લેટિક્સ કોન્ટિનેંટલ ગોલ્ડ ટૂરમાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક મેડલ જીત્યો છે. તેણે ગઈકાલે રાત્રે 85.97 મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે આઠ સ્પર્ધકો સામે ટોચનું સ્થાન મેળવ્યું હતું. ચોપરાએ 83.62 મીટરના થ્રો સાથે શરૂઆત કરી હતી. સ્થાનિક ખેલાડી  ઓલિવર હેલેન્ડરે તેને ટક્કર આપી હતી  તેણે બીજા રાઉન્ડમાં 83.96 મીટર થ્રો સાથે ટોચનું સ્થાન મેળવ્યું હતુ. જો કે, ચોપરાએ તેના ત્રીજા પ્રયાસમાં 85.97 મીટર ભાલો ફેંકીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

# T-20 WORLD CUP

ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં આજથી સુપર 8 રાઉન્ડ શરૂ થઈ રહ્યા છે. આ રાઉન્ડની તમામ મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમાશે. આજે પ્રથમ સુપર 8 મેચ યુએસએ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. આવતીકાલે ભારત પોતાની પ્રથમ મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે.

આ તબક્કા માટે આઠ ટીમો ક્વોલિફાય થઈ છે. નેપાળ સામેની જીત બાદ બાંગ્લાદેશ ક્વોલિફાય થનારી છેલ્લી ટીમ હતી.

પ્રથમ જૂથમાં ભારત, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે, જ્યારે બીજા જૂથમાં યુએસએ, ઈંગ્લેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

દરેક જૂથમાંથી ટોચની બે ટીમો સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે. ટીમોએ સુપર-8માં ત્રણ મેચ રમવાની છે અને સેમિફાઇનલમાં પહોંચવા માટે બે

જીતની જરૂર છે. સેમિફાઇનલ નોકઆઉટ હશે. હારનાર ટીમ પોતાની સફર ખતમ કરશે, જ્યારે વિજેતા ટીમ ફાઇનલમાં પહોંચશે, જે 29 જૂને બાર્બાડોસમાં રમાશે.